**અખબારી યાદી**

# લવાસા સિટીનો ફૂડ- આર્ટ- મ્યુઝિક એન્ડ એન્ટરટેઈનમેન્ટ ફેસ્ટિવલ (ફેમ ૨૦૧૪)ને ઉત્તમ પ્રતિસાદ

## ૧૫,૦૦૦ જેટલા લાઈફસ્ટાઈલ શોખીનો ત્રણ દિવસના ફેસ્ટિવલ દરમિયાન લવાસા સિટીમાં ઊતરી આવ્યા

**લવાસા સિટી, ૩ જૂન, ૨૦૧૪:** ભારતની પ્રથમ નિયોજનબદ્ધ હિલ સિટી લવાસા સિટીમાં ગત સપ્તાહાંતમાં યોજાયેલા ફેમ ૨૦૧૪ ફેસ્ટિવલમાં ૧૫,૦૦૦થી વધુ સંગીત, કળા, ખાદ્ય, વાઈન અને સમરના શોખીનો ઊતરી આવ્યા હતા અને મહોત્સવને ભરપૂર માણ્યો હતો. ફૂડ- આર્ટ- મ્યુધિક એન્ડ એન્ટરટેઈનમેન્ટ (ફેમ) ફેસ્ટિવલ ૩૦ મેથી ૧ જૂન, ૨૦૧૪ વચ્ચે ચાલ્યો હતો, જ્યાં દર્શકોને કળા, સંગીત, રંગમંચ, વૈશ્વિક વાનગીઓ, શોપિંગ અને કળા કાર્યશાળાનો લાભ મળ્યો હતો.

ત્રણ દિવસના આ મહોત્સવ દરમિયાન નિવાસ વેચાણ અને બુકિંગમાં ૫૦ ટકા જેટલો વધારો જોવા મળ્યો હતો, જે લવાસા સિટીમાં ખાસ તૈયાર કરાયેલાં એપાર્ટમેન્ટ્સ અને વિલા માટે વધતી ભૂખને ફરી એક વાર સમર્થન આપે છે.

ફેમ ૨૦૧૪ની સફળતા પર બોલતાં લવાસા કોર્પોરેશનના પ્રેસિડેન્ટ અને સીઈઓ શ્રી નાથન એન્ડ્રયુઝે જણાવ્યું હતું કે ફેમ ૨૦૧૪ને મળેલા અદભુત પ્રતિસાદથી અમારી ખુશીનો કોઈ પાર નથી. આ પ્રતિસાદ લવાસા સિટીને તેના નિવાસીઓ તથા મુલાકાતીઓને અજોડ અનુભવ પ્રદાન કરતા પ્રાધાન્ય પર્યટન સ્થળ બનાવવાના અમારા એકધાર્યા પ્રયાસ પર ફરી એક વાર ભાર આપે છે. આગળ જતાં અમે લવાસાની તિથિમાં ફેમને વાર્ષિક વિશિષ્ટતા બનાવવા માટે કટિબદ્ધ છીએ.

આ મહોત્સવનો આરંભ શુક્રવારે શાસ્ત્રીય સંગીતની રાણીઓ શિબાની કશ્યપ, મેમ ખાનના પરફોર્મન્સ સાથ થઈ હતી. આ પછી શેરોન પ્રભાકર, નિલાદ્રી કુમાર અને ડીજે એન્કીટ્રિકસના પરફોર્મન્સ પણ બેજોડ રહ્યા હતા. આ સાથે દ્રાક્ષ છૂંદવી, વાઈન અને બિયરનો સ્વાદ ચાખવો, સાલસા અને ઝોરબા ડાન્સિંગ, કલા પ્રદર્શન, નુક્કડ નૃત્ય, રંગમંચ પરફોર્મન્સ, કરાઓકે સહિતના કાર્યક્રમોથી આ ત્રણ દિવસ ભરચક રહ્યા હતા.

આ પછીના દિવસે રાકેશ ચૌરસિયા, રવિ ચારી, ફઝલ કુરેશી, અગ્નિ, જો અલ્વારેઝ અને લુઈસ બેન્ક્સે ભારતીય શાસ્ત્રીય, જાઝ અને રોક સુધીની તેમની અજોડ શૈલીના પ્રકાર સાથે દર્શકોને મંત્રમુગ્ધ કર્યા હતા.

દર્શકોને આ સમયે ઈટાલિયન ઓપેરા ગાયિકા જિયોકોંડા વેસિચેલી દ્વારા ક્લાસિકલ ઓપેરા પણ માણવાની તક મળી હતી. શેરોન પ્રભાકર, તારા સુતરિયા, ભરત દાભોળકર દ્વારા થિયેટર પરફોર્મન્સથી મહોત્સવ છવાઈ ગયો હતો.

સંગીત ઉપરાંત નામાંકિત આર્ટિસ્ટોએ લવાસાના પ્રોમેનેડ ખાતે તેમની કળાકૃતિઓ પ્રદર્શિત કરી હતી અને તે સાથે તેમના અને અન્યોના કળા શિક્ષકોના માર્ગદર્શન હેઠળ ક્રિયાત્મક કળા અને ચિત્રકળાની સરાહના અને શીખ પ્રાપ્ત કરવાની તક પણ આપી હતી.

ઉપરાંત આ મહોત્સવ ખાતે મંચ પર ચીઝનો સ્વાદ ચાખવો, સ્ટ્રીટ ફૂડ, લાઈવ ગ્રિલ્સ અને કૂકિંગ કાઉન્ટર્સ, મલ્ટી કોર્સ મીલ્સનો આસ્વાદ અગ્રણી શેફ દ્વારા તૈયાર કરાયેલી વાનગીઓથી કરાવાયો હતો. આ જોશમાં ઉમેરો કરતાં મુલાકાતીઓને સ્થાનિક બ્રીવરીઝ દ્વારા નિર્મિત ઘરઆંગણાંની અને આંતરરાષ્ટ્રીય ઉત્તમ વાઈન્સ અને બિયરનો સ્વાદ પણ માણવા મળ્યો હતો.

**લવાસા કોર્પોરેશન લિમિટેડ (એલસીએલ) વિશે**

લવાસા ભારતની પ્રથમ નિયોજનબદ્ધ હિલ સિટી છે, જ્યાં નિસર્ગના સાંનિધ્યમાં લોકો રહે છે, કામ કરે છે, ભણે છે અને રમે છે. લવાસા સમાવેશક શહેર લવાસા કોર્પોરેશન લિમિટેડ (એલસીએલ) દ્વારા વિકસાવવામાં આવ્યું છે. ૧૦,૦૦૦ હેક્ટરમાં ફેલાયેલું આ શહેર નવા શહેરીવાદના સિદ્ધાંતો પર આધારિત છે. મુંબઈથી લવાસા રસ્તા માર્ગે ત્રણ કલાક અને પુણેથી એક કલાક છે. લવાસા હોસ્પિટાલિટી, પર્યટન, શિક્ષણ, આરોગ્ય સંભાળ, વેપાર સંશોધન અને ઉદ્યોગમાં ઘણા બધા વૈશ્વિક આગેવાનોનું યજમાન બનશે. આ હિલ સિટી રેન્ટલ હાઉસિંગ, એપાર્ટમેન્ટ્સ અને વિલા સહિત હાઉસિંગ માટે ઘણા બધા વિકલ્પો સાથે સમકાલીન અને સમયકાલીન શિલ્પશાસ્ત્રીય ડિઝાઈનોનું સંયોજન પ્રદાન કરે છે. અત્યાધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને એમેનિટીઝ સાથે આ શહેર લોકોને પરિપૂર્ણ જીવન જીવવાનો માર્ગ આપે છે.

**સંપર્ક વિગતોઃ**

મિડિયા પૂછપરછ માટેઃ


| લવાસા કાર્પોરેશન લિમિટેડ | એડફેક્ટર્સ પીઆર |
|---|---|
| **અશ્વિન શેટ્ટીઃ** ૯૯૬૭૦ ૨૪૨૯૩<br>ashwin.shetty@lavasa.com | **પરીક્ષિત જોશી** – ૯૮૩૩૯ ७०३० <br>parikshit.joshi@adfactorspr.com |
| **અંકુલ ભાવસાર** – ૯૮૨૦૧૬૮૮૪૨<br>ankul.bhavsar@lavasa.com | **નિનાદ સિધયે** – ૯૬૧૯૫૦૦૭૬૦<br>ninad.siddhaye@adfactorspr.com |